અપીલ અરજી નં.૧૨૧/૦૮–૦૯ તા. ૫–૮–૦૮

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ  આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની  તા.૪–૭–૦૮ ની  અરજીથી  વોર્ડ નં.૧૧ અને ૧૨ માં  ૨૦૦૧ થી ૨૦૦૮  આજદિન સુધી લીધેલ  રીપેરીંગની મંજુરીની માહિતી  બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૮–'૦૮ ની અપીલ અરજી  નં.૧૨૧/૨૦૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલીની  તા.૪–૭–૦૮ ની  અરજીથી  વોર્ડ નં.૧૧ અને ૧૨ માં  ૨૦૦૧ થી ૨૦૦૮  આજદિન સુધી લીધેલ  રીપેરીંગની મંજુરીની માહિતી  બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૫૦૪ તા.૨–૮–૦૮ થી આપેલ માહિતી અધુરી  હોવાનું જણાવી આપેલ જવાબના  પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને  તા.૫–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની  સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૮ તા.૧૧–૮–૦૮ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/૬૦૪ તા.૨૬–૮–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે ૪–૭–૦૮ ની માંગવામાં આવેલી માહિતી બાબતે આરટીઆઈ /સે.ઝોન/આ.નં.૫૦૪ તા.૨–૮–૦૮ થી જવાબ પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે અપીલ અરજી કરેલ. અપીલ અરજીમાં માંગેલ માહિતી બાબતે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક માહિતીમાં મિલ્કત રીપેરીંગ અંગે પરમીશન આપવામાં આવતી નથી પરંતુ અરજીઓ સ્વીકારી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવે છે તેવું જણાવેલ છે. તે ધ્યાને લેતાં અરજદારની મુળ માહિતી માંગણી પૈકી મંજુરી સિવાયના રીપેરીંગ–પહેલા અને પછીની સ્થિતિને સ્પર્શતા મુદ્દા તથા ૨૦૦૭–૦૮ ના વેરો નહીં ભરપાઈ કરેલ વિગતની માહિતી નહીં પૂરી પાડયાનું સ્પષ્ટ થાય.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને  લેતાં નીચે મુજબનો હુકમ કરી   અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૦–૬–૦૮ની  અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી  અરજદારને નહીં પૂરી પડાયેલ માહિતી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ :      –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન,...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૈયદ સાબીર અલી,